**રાજકોટના ૯માં એડી. ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટ, રાજકોટ**

**ફો.કેસ નં.૯૧૨૧/૧૭**
**આંક–૧૬**

**શ્રી સરકાર :::::::::::: ફરિયાદી**

**વિ રૂ દ્ધ**

**(૧) ચંદ્રેશભાઈનેવદરામ (૪) સુનીલકુમાર રમુભાઈ**
**(૨) સંજય ગોરધનદાસ (૫) સની હીરાભાઈ**
**(૩) હરેશભાઈ તોતારામ (૬) ભરત ગોરધનભાઈ ::::::::::::: આરોપીઓ**

**ગુનોઃ– જુગાર ધારા કલમ–૪,૫ મુજબ.**

**::ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૨ મુજબ ઠરાવ ::**

**આ કામે ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ફરીયાદમાં જણાવેલ સમય, સ્થળે એક મકાનમાં પોતાના અંગત ફાયદા સારુ પૈસાની હારજીત નો જુગાર રમતાં મળી આવતા જુગાર ધારાની કલમ–૪,૫ મુજબનો ગુનો કરેલ. જેથી તે અંગેનું પંચનામું કરી તેઓની ધરપકડ કરવામાં આવેલ અને કાયદેસરની ફરીયાદ કરવામાં આવેલી, તપાસના અંતે આરોપી સામે પુરતો પુરવો જણાતાં અદાલતમો ચાર્જશીટ કરવામાં આવેલ છે.**

**સદર ગુનાનાં કામે આરોપીને અદાલત સમક્ષ રજુ કરતા તેઓને પોલીસ તપાસનાં કાગળોની નકલ ભા.ફો.ધા.કલમ–૨૦૭ મુજબ વિના મૂલ્યે આપવામાં આવેલ છે અને તેઓને ગુના અંગે પુછી પ્લી રેકર્ડ કરતાં તેઓ તેઓને ગુનો કબુલ હોવાનું જણાવેલછે. અદાલત તરફથી તેઓને જણાવવામાં આવેલ કે તેઓ ગુનો કરવા બંધાયેલ નથી અને જો તે પોતાનાં ખર્ચે વકીલ રોકી શકે તેમ ન હોય તો સરકાર તરફથી વકીલ મળી શકે તેમ છે અને તેઓ પોતાનો બચાવ કરી શકે છે.ત્યારબાદ પણ આરોપી પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ અને તે અંગે પોતાની સહીથી કબુલાત પુરસીસ આપેલ છે.**

**આરોપીએ એવી રજુઆત કરેલ છે કે, તેઓ ખુબજ ગરીબ વર્ગના છે. તેઓના ઘરમાં પોતાના સિવાય કોઈ પણ ઈસમ કમાનાર નથી. હવે પછી કયારેય તેઓ કોઈપણ પ્રકારનો ગુનો કરશે નહી તેઓ પોતાને સુધરવાની એક તક આપવા આજીજી કરે છે જેથી દયાભાવ રાખી ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે. વધંમા તમામ આરોપીઓ નો કલેઈમ પુરસીસ**

આપેલ છે અને જણાવેલછ` કે સદર ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ તેઓ કલેઈમ કરવા માંગતા નથી.

નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું ૭૦૯(સ્ટેટ ઓફ ગુજરાત –વિરુધ્ધ– નટવર હરીચંદ ઠાકોર)ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે જો પુરતા અને વાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાને લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સતા છે. ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરુપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ ઓછી સજા કરી તેને સુધરવાની તક આપવા ન્યાયોચિત માની કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા સજા અને દંડ કરવો જોઈએ તે આ અદાલતનું માનવું છે જેથી સંજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>–: હુ કુ મ :–</u>

આરોપીઓને ભારતીય ફોજદારી કાર્યરીતી સંહિતનાની કલમ–૨૫૨ મુજબ જુગાર ધારાની કલમ–૪,૫ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી જુગાર ધારાની કલમ–૪,૫ મુજબના ગુના સબબ પ્રત્યેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને રુા.૧૦૦૦/– (અંકે રુપિયા એક હજાર પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો દંડ ન ભરે તો દરેક આરોપીને દિન....ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવેછે.
૧૦૦૦ × ૬– રુા.૬,૦૦૦/–કુલ રુા. છ હજાર પુરા

આરોપીઓએ મુદામાલ કલેઈમ કરવા માંગતા નથી તે બાબતની પુરસીસ આપેલ હોય, અપીલ સમય બાદ મુદામાલ રોકડ રકમ નિયમોનુસાર સરકાર ખાતે જમા કરવાનો તથા કબજે કરેલ જુગાર સાહિત્યનો નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હકુમ આજ રાષ્ટ્રીય લોક અદાલત તા.૧૦મી ફેબ્રુઆરી,સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કયો.

રાજકોટ.

તારીખ:૧૦–૨–૧૮

(હે ત લ સુ રે શ ચં દ્ર પટે લ )
૯માં અધિક ચીફ જયુ ડી. મે જીસ્ટ્રે ટ
રા જ કો ટ
( UIC NO. GJ00969 )